Candidate's Seat No.:

# SARDAR PATEL UNIVERSITY AFFILATED UNIT
## PRIMINARY EAXAMINATION
### MARCH-2019 (Semester – II)
### UE02CBD202 **Basics of Teaching and Learning**

Date : 06-03-2019
Day : Wednesday

Time : 12:00 to 03:00 P. M.
Total Marks : 70

---

**પ્રશ્ન : 1 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઇપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** (08)

(1) અધ્યયનની નવી વિભાવના મુજબ તેની કોઇપણ ચાર લાક્ષણિકતાઓ જણાવો.
(2) થોર્નડાઇકના પ્રયોગના મુખ્ય બે તારણો જણાવો.
(3) કારક અભિસંધાનની કોઇપણ બે મર્યાદાઓ જણાવો.
(4) આસુબેલના મતે અધ્યયનના પ્રકારો જણાવો.
(5) પિયાજેના મતે 'સ્કિમા' એટલે શું?

**પ્રશ્ન : 2 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઇપણ એક પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર આપો.** (10)

(1) 'માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણ' સામાયિકમાં આપને 'અધ્યાપનના વ્યવસ્થાપક તરીકે અધ્યાપક' વિષય ઉપર લેખ લખવાનો હોય નીચેના મુદાને ધ્યાનમાં રાખી એક લેખ નોંધ તૈયાર કરો.

- અધ્યાપકમાં આવશ્યક કૌશલ્યો અને ગુણો    અધ્યાપકનું વ્યક્તિત્વ

(2) 'વ્યક્તિની જરૂરિયાત એ વ્યક્તિત્વ વિકાસનું પ્રેરકબળ છે.'- મેસ્લોની વિચારસરણી મુજબ નીચેના મુદાઓને ધ્યાનમાં રાખીને આ વિધાન સમજાવો.

- પ્રેમની જરૂરિયાત (Needs of Belongingness and Love)
- સ્વ-વાસ્તવિકીકરણની જરૂરિયાત (Needs of Self-actualization)

**પ્રશ્ન : 3 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઇપણ ત્રણ પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** (09)

(1) અધ્યાપનની નૂતન સંકલ્પના સ્પષ્ટ કરો.
(2) પાવલોવના શાસ્ત્રીય અભિસંધાનનો શૈક્ષણિક ફલિતાર્થ જણાવો.
(3) માહિતી સંસ્કરણ પ્રતિમાનની સ્મૃતિની બેવડી પ્રક્રિયાનો સિદ્ધાંત રજૂ કરો.
(4) બાંદુરાના સામાજિક અધ્યયન સિદ્ધાંતનો ધ્યાન સંબંધિત તબક્કો સમજાવો.

**પ્રશ્ન : 4 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઇપણ બે પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** (08)

(1) બ્લૂમ સૂચિત ભાવાત્મક વિકાસ
(2) બાંદુરાના મતે સ્વ-કાર્યસાધકતાની અગત્ય
(3) બ્રૂનરના મતે શોધ અધ્યયન સિદ્ધાંત

**પ્રશ્ન : 5 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઇપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** (08)

(1) શૈક્ષણિક તકનિકી (Educational Technology)શબ્દનો પ્રયોગ સૌપ્રથમ કોણે અને કઇ સાલમાં કર્યોહતો?
(2) શૈક્ષણિક તકનિકીનો અર્થ આપો.
(3) હાર્ડવેર અભિગમ દર્શાવતાં સાધનોનાં ચાર નામ જણાવો.
(4) સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનના ધ્યેયો જણાવો.
(5) પ્રોજેક્ટ આધારિત અધ્યયનની પદ્ધતિઓ દર્શાવો.

**પ્રશ્ન : 6 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઇપણ એક પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર આપો.** (10)

(1) શિક્ષકદિનની ઉજવણીના ભાગરૂપે આપને તાલિમાર્થીઓ સમક્ષ એડગર ડેલના 'અનુભવ શંકુ' વિષય ઉપર વ્યાખ્યાન આપવાનું હોઇ આકૃતિસહ વ્યાખ્યાનનોંધ તૈયાર કરો.
(2) સહકારી અધ્યયન એ અધ્યેતાઓ દ્વારા પરસ્પર સહકાર-સંવાદ અને વિચાર-વિમર્શથી અધ્યયન પદ્ધતિ છે-વિધાનના સમર્થનમાં નીચેના મુદાને આધારે ચર્ચા કરો.

- સહકારી અધ્યયનની પ્રયુક્તિઓ    સહકારી અધ્યયનના ફલિતાર્થો.

**પ્રશ્ન : 7 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઇપણ ત્રણ પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** (09)

(1) તંત્ર અભિગમની સંકલ્પના સ્પષ્ટ કરો.
(2) પૃચ્છા તાલીમ પ્રતિમાન સંરચનાના સોપાનો જણાવો.
(3) સર્જનાત્મકતા વિકાસની અસરો જણાવો.
(4) પ્રોજેક્ટ આધારિત અધ્યયનના સિદ્ધાંતો જણાવો.

**પ્રશ્ન : 8 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઇપણ બે પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** (08)

(1) સર્જનાત્મક પ્રતિમાનની સંરચના
(2) અભિજ્ઞાનના શૈક્ષણિક ફલિતાર્થો
(3) સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની સંરચના